# અમદાવાદ શહેર આચાર્યસંઘ

## (ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ સંલગ્ન)

## ચૂંટણી અંગેનું જાહેરનામું

### (સત્ર: 2025 -2027)

તા. : 23-12-2024

માનનીય આચાર્ય મિત્રો

અમદાવાદ શહેર આચાર્યસંઘની તારીખ 09/12/2024 ના રોજ મળેલ કારોબારી સભાએ અમદાવાદ શહેર આચાર્ય સંઘના આગામી સત્ર એટલે કે વર્ષ ૧-૧-૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૭ ના સત્ર માટે સર્વાનુમતે મારી – ડૉ. જયેશ એ. ઠક્કરની -- ચૂંટણી અધિકારી તરીકે નિમણૂંક કરેલ છે. અમદાવાદ શહેર આચાર્યસંઘની કારોબારી સભાએ મારામાં વિશ્વાસ મૂકીને મને જવાબદારી સોંપી તે બદલ આપ સર્વેનો આભારી છું. અમદાવાદ શહેર આચાર્યસંઘના આગામી સત્ર ૧-૧-૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૭ સત્રના ચૂંટણી અધિકારી તરીકે ચૂંટણી અંગેનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરું છું. તેની સર્વે આચાર્ય મિત્રોએ નોંધ લેવા નમ્ર વિનતિ. આ કામગીરીમાં આપ આપ સર્વેનો સહકાર પ્રાપ્ત થશે તેવી અપેક્ષા સહ.

ડૉ . જયેશ એ ઠક્કર

ચૂંટણી અધિકારી

**અમદાવાદ શહેર આચાર્ય સંઘ ચૂંટણી નીચેના હોદાઓ માટે થશે**

| હોદ્દો | પદ સંખ્યા | હોદ્દો | પદ સંખ્યા | હોદ્દો | પદ સંખ્યા |
|---|---|---|---|---|---|
| અધ્યક્ષ | ૧ | મહામંત્રી | ૧ | મહિલા સંગઠન મંત્રી | ૧ |
| પ્રમુખ | ૧ | મંત્રી | ૫ | ખજાનચી | ૧ |
| ઉપ પ્રમુખ | ૫ | મહિલા મંત્રી | ૧ | સંયોજક | ૧ |
| મહિલા ઉ.પ્રમુખ | ૧ | સંગઠન મંત્રી | ૫ | કારોબારી સભ્ય | ૧૨ |

નોંધ :- કલ્યાણનિધિ કન્વીનર અને સારસ્વતમંત્રીની પસંદગી નવા ચૂંટાયેલ હોદ્દેદારો અને કારોબારી સભ્યો કો-ઓપ્ટ તરીકે પસંદગી કરવામાં આવશે. આ ઉપરાંત ખાલી રહેતી જગાઓ માટે નવા ચૂંટાયેલ હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો નિર્ણય લેશે.

23/12/2024

Scanned with CamScanner

# અમદાવાદ શહેર આચાર્યસંઘ

## ચૂંટણી કાર્યક્રમ

(સત્ર: 2025 -2027)

૧. ઉમેદવારીપત્ર મેળવવાની તારીખ 30 અને 31 ડિસેમ્બર 2024 સવારે 8:00 થી બપોર 12:00 કલાક સુધી ઉમેદવારીપત્ર મેળવવાનું સ્થળ :- વી. વી. પટેલ વિદ્યામંદિર, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.

૨. ઉમેદવાર દ્વારા ભરેલ ઉમેદવારીપત્ર રજૂ કરવાની તારીખ :- 03 અને 04 જાન્યુ. સવારે 10: 00 થી બપોરે 1 :00 કલાક સુધી ઉપરોક્ત સ્થળે.

3. ઉમેદવારીપત્ર ચૂંટણી ઉપર દર્શાવેલ દર્શાવેલ સ્થળ અને સમય દરમિયાન મેળવી શકાશે. અન્યથા ઉમેદવારીપત્ર આપ ફોટોકોપી અથવા વોટ્સએપના માધ્યમથી ડાઉનલોડ કરી તેનું પ્રિન્ટ-આઉટ લઇ ચૂંટણી અધિકારીની સહીથી પ્રમાણિત કરાવી અને નિયત ફી ભરી સીધું જ તારીખ ૩ -૧-૨૦૨૫ અથવા ૪-૧-૨૦૨૫ન રોજ જમા કરાવી શકશો.

૪. ઉમેદવારી ચકાસણીની તારીખ :- 06 જાન્યુ. 2025 સવારે 10 : 00 થી 12: 00

૫. ઉમેદવારી પરત ખેંચવાની તારીખ :- 13 જાન્યુ. 2025 સાવરે 1: 00 થી બપોરે 3 : 00

૬. સામાન્ય ચૂંટણીની તારીખ :- 23 જાન્યુ. 2025, બપોરે 2 :00 થી સાંજે 5:00 કલાક દરમિયાન.

૭. અમદાવાદ શહેર આચાર્યસંઘની ચૂંટણી માટેના તમામ નિયમો અને શરતો, જે તમામ ચૂંટણીલક્ષી પ્રક્રિયા અને ઉમેદવારી નોંધાવનાર તેમજ અમદાવાદ શહેર આચાર્ય સંઘના તમામ સભ્યોને બાધ્ય રહેશે.

૮. અમદાવાદ શહેર આચાર્યસંઘના આ સાથે સામેલ કરેલ ચૂંટણી અંગેના નિયમો અને શરતો સિવાય કોઈ અસામાન્ય પરિસ્થિતિ દરમિયાન, ચૂંટણી અધિકારી દ્વારા લેવાયેલ નિર્ણય આખરી અને આચાર્ય સંઘના તમામ સભ્યોને બંધનકર્તા રહેશે.

તા: ૨૩/૧૨/૨૦૨૪

ડૉ.જયેશ એ ઠક્કર
ચૂંટણી અધિકારી
(2025-2027)
અમદાવાદ શહેર આચાર્યસંઘ.

Scanned with CamScanner

# અમદાવાદ શહેર આચાર્યસંઘ

ચૂંટણીના નિયમો અને શરતો

(સત્ર: 2025 -2027)

૧. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી - અમદાવાદ શહેરના તાબા હેઠળની તમામ રજીસ્ટર ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક – ઉચ્ચતર માધ્યમિક શાળાના નિયમાનુસાર નિમણૂંક પામેલા માન્ય આચાર્યશ્રી, જેઓ અમદાવાદ શહેર આચાર્ય સંઘના ઘટક સંઘના પ્રાથમિક સભ્ય તરીકે નોંધાયેલ હોય તે જ અમદાવાદ શહેર આચાર્ય સંઘના હોદ્દેદાર કે કારોબારી સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી શકશે.

( હાલ જે ઇન્ચાર્જ આચાર્ય કે ઉપાચર્યા છે અમદાવાદ શહેર આચાર્યસંઘની નિયત ફી ભરી વિવધ કાર્યક્રમોમાં ભાગ લે છે તેવા સભ્યોને અમદાવાદ શહેર આચાર્યસંઘમાં મતદાનનો અધિકાર નથી. – અમદાવાદ શહેર આચાર્યસંઘના હોદ્દેદાર કે કારોબારી સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી શકાશે નહિ. અમદાવાદ શહેર આચાર્ય સંઘના સામાન્ય સભાના ઠરાવ મુજબ)

૨. અમદાવાદ શહેર <u>આચાર્યસંઘના હોદ્દેદાર</u> તરીકે ઉમેદવારી નોંધાવનાર આચાર્યશ્રી છેલ્લા ત્રણ વર્ષ (વર્ષ ૨૦૨૧-૨૦૨૪ના સત્ર દરમિયાન) અમદાવાદ શહેર આચાર્યસંઘના હોદ્દેદાર અથવા કારોબારી સભ્ય રહેલા હોવા જોઈશે.

૩. અમદાવાદ શહેર આચાર્યસંઘના હોદ્દેદાર કે કારોબારી સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવનાર ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા ચાલતી કલ્યાણનિધિના સભ્ય હોવા જોઈએ અન્યથા ઉમેદવારી કરી શકશે નહિ.

૪. અમદાવાદ શહેર આચાર્યસંઘના આગામી સત્ર એટલે કે ૧-૧-૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૭ વર્ષના સત્ર દરમિયાન હોદ્દેદાર / કારોબારી સભ્ય તરીકે ઉમેદવારી કરનાર આચાર્યશ્રીનો સેવાકાળ તા.<u>૩૧-૦૫ -૨૦૨૮</u> સુધીનો હોવો જોઈએ.

૫. ઉમેદવારીપત્ર ફોર્મ અમદાવાદ શહેર આચાર્ય સંઘના વિવિધ ઇલેક્ટ્રોનિક્સ માધ્યમ અથવા વોટ્સએપ ગ્રુપ પરથી ડાઉનલોડ કરી, ઉમેદવારીપત્ર રજૂ કરતી વખતે તે સંદર્ભની નિયત કરેલ ફી ભરી ચૂંટણી અધિકારી દ્વારા પ્રમાણિત કરાવવાનું રહેશે. તેમજ તે અંગેની પહોંચ મેળવી લેવાની રહેશે. ચૂટણી અધિકારીની સહી વાળું ઉમેદવારી પત્રક જ કાયદેસર તેમજ માન્ય ગણાશે.

૬. ઉમેદવારે ઉમેદવારીપત્રમાં દર્શાવેલ સંપૂણ વિગતો સાથે દર્શાવેલ સ્થળ અને નિયત સમય મર્યાદામાં ભરવાનું રહેશે. તેમજ આચાર્ય સંઘની સભ્ય ફી નાં જરૂરી આધારો જોડવાના રહેશે.

૨૩/૧૨/૨૦૨૪

Scanned with CamScanner

૭. આચાર્ય સંઘમાં જે તે હોદ્દેદાર તરીકે ઉમેદવારીપત્ર ભરવાનું હોય તો ઉમેદવારીપત્ર દીઠ રૂ. 500/- ફી અને જો કારોબારી સભ્ય તરીકે ઉમેદવારીપત્ર ભરવાનું હોય તો ઉમેદવારીપત્ર દીઠ રૂ. 250/- ફી સાથે જમા કરાવવાનું રહેશે.

૮. અધૂરી વિગતોવાળુ -ખોટી વિગતો કે છેકછાક કરેલ ઉમેદવારીપત્ર રદ ગણાશે.

૯. એક કરતાં વધુ હોદ્દા પર ઉમેદવારી નોંધાવનાર આચાર્યશ્રી માટે, દરેક ઉમેદવારી દીઠ અલગ ઉમેદવારીપત્ર અને તેની અલગથી ફી ભરવાની રહેશે.

૧૦. અમદાવાદ શહેર આચાર્યસંઘના હોદ્દેદાર કે કારોબારી સભ્યની દરખાસ્ત રજૂ કરનાર તેમજ તેમનો ટેકો આપનાર આચાર્યશ્રી, અમદાવાદ શહેર આચાર્યસંઘના છેલ્લા ત્રણ વર્ષ પ્રાથમિક હોવા જોઈશે, તેમજ ઉમેદવારીપત્રમાં જે-તે દરખાસ્ત કરનાર અને ટેકો આપનારની સહી તેમજ શાળાના સિક્કા સાથેનું ઉમેદવારી પત્ર રજૂ કરવાનું રહેશે.

૧૧. એક કરતાં વધારે હોદ્દા માટે ઉમેદવારી કરનાર આચાર્યશ્રીની દરખાસ્ત કરનાર તથા ટેકો આપનાર આચાર્યશ્રી, દરેક ઉમેદવારીપત્રમાં અલગ અલગ હોવા જોઈશે.

૧૨. ઉમેદવારીપત્ર નિયમાનુસાર તેમજ સમય મર્યાદામાં જરૂરી ફી સાથે નહીં ભરેલું જણાતા તે આપોઆપ રદ થવાને પાત્ર છે આ બાબતની સંપૂર્ણ સત્તા ચુંટણી અધિકારીનો રહેશે.

૧૩. <u>સમરસ રીતે પસંદગી કરવાના પ્રયત્ન સંદર્ભ ઉમેદવારીપત્ર મળ્યાની પહોંચમાં દર્શાવેલ સ્થળે અને સમયે દરેક ઉમેદવારે ફરજીયાત રૂબરૂ ઉપસ્થિત રહેવાનું રહેશે. અન્યથા તેમની ઉમેદવારી અમાન્ય ગણાશે અને તે અંગે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી રહેશે.</u>

૧૪. ચૂંટણી બાબતો અંગે કોઈપણ વિવાદ ઊભો થાય તો તે માટે સંઘ દ્વારા નિયુકત થયેલ ચૂંટણી અધિકારીનો નિર્ણય સર્વમાન્ય તથા આખરી ગણાશે.

૧૫. અમદાવાદ શહેર આચાર્યસંઘ સત્ર: ૧-૧–૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૭ની તમામ ચૂંટણી પ્રક્રિયા સંદર્ભનું કાર્યાલય તારીખ: ૨૩-૧-૨૦૨૫ સુધી વી. વી. પટેલ વિદ્યામંદિર, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ, ખાતે શાળા સમય દરમિયાન એટલે કે સવારે ૮.૦૦ કલાકથી બપોરે ૧.૦૦ કલાક સુધી કરવાનો રહેશે.

તા : ૨૩-૧૨-૨૦૨૪

ડૉ.જયેશ એ ઠક્કર
ચૂંટણી અધિકારી
(2025-2027)
અમદાવાદ શહેર આચાર્યસંઘ.

CS Scanned with CamScanner